# મોડાસા ખાતે વિશ્વ યોગ દિવસ ઉજવાશે

મોડાસા, તા. ૧૯

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ભારતીય સાંસ્કૃતિક ઉત્તમ દેન એવી યોગવિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી છે. તદનુસાર પ્રતિવર્ષ ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જાહેર કરાયું છે. ભારત સરકારે યોગ વિદ્યાની મૂળભૂમિ એવા ભારતમાં સંપૂર્ણ રાષ્ટ્રમાં આ સંદર્ભે તે દિવસે વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તે અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં ત્રીજો વિશ્વ યોગ દિવસ તા. ૨૧મી જૂન-૨૦૧૭ની ઉજવણી નિમિત્તે દરેક ગામમાં અને શહેરોમાં વિવિધ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવા નિર્ણય કરેલ છે.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે અરવલ્લી જિલ્લાના વિવિધ સ્થળોએ તથા તાલુકાના મથકોએ યોગ કાર્યક્રમોનું આયોજન થનાર છે. જેમકે મોડાસા શહેરમાં શ્રી મ.લા. ગાંધી કેમ્પસ, શ્રી સરસ્વતી હાઈસ્કૂલ, શ્રી ઉમિયા માતાજી મંદિર પ્લોટ, બી.આર.સી. મોડાસા મખદુમ હાઈસ્કૂલ, સર્વોદયનગર પ્રાથમિક શાળા, બોયઝ હોસ્ટેલ મોડાસા કોલેજ કેમ્પસ, રેડીયન્સ ઈંગ્લિશ મીડીયમ હાઈસ્કૂલ તેમજ અરવલ્લી જિલ્લાના છ તાલુકાઓમાં પણ શિક્ષકો દ્વારા યોગની શિબિર યોજવામાં આવી છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં મોડાસા ખાતે સવારે ૬ કલાકે શ્રી કે.એન. શાહ હાઈસ્કૂલના પટાંગણમાં રાખવામાં આવેલ છે. જેમાં શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો, વરિષ્ઠ નાગરિકો, પદાધિકારીઓ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, ધાર્મિક રાજકીય સંગઠનોના પ્રતિનિધિઓ, સંતો કાર્યકરો, સ્વયંસેવકો, દિવ્યાંગ બાળકો, વ્યક્તિઓ બહોળી સંખ્યામાં લોકો હાજર રહે તેવી નમ્ર અપીલ છે.

# લીંભોઈમાં પ્રધાનમંત્રી સભા સ્થળે તડામાર તૈયારીઓ

અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં ૩૦ જૂને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મોડાસા તાલુકાના લીંભોઈ ગામની ગૌચર જગ્યાએ તડામાર તૈયારીઓ આદરી દીધી હતી. છેલ્લા પાંચેક દિવસથી લીંભોઈ ગામમાં સતત અધિકારીઓની અવરજવર વચ્ચે સોમવારે વહેતી થયેલી લોક મુખે ચર્ચા મુજબ સ્થળ બદલવામાં આવી રહ્યુ હોવાના સમાચાર જિલ્લામાં વાયુવેગે પ્રસરતા લીંભોઈ જેવા યોગ્ય સ્થળની બાદબાકી કરવા અંગે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે. જિલ્લા વહીવટીતંત્ર નવા સભાસ્થળની શોધમાં સોમવારે સવારથી દોડધામ મચી હતી.

## વડાપ્રધાનના સભાસ્થળ બદલવાની ચર્ચા અંગે જિલ્લા કલેક્ટર શું કહે છે ?

અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને જિલ્લાનાં ટોક ઓફ ધી ટાઉન બનેલી ચર્ચા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લીંભોઈ જાહેર સભા સંબોધવાના હતા અને લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજવાના હતા પરંતુ સ્થળ બદલવા અંગે ટેલીફોનીક વાત કરતા કલેક્ટર શાલીની અગ્રવાલે જણાવ્યુ હતુ કે સભા સ્થળ બદલવા અંગે બદલાશે તો હું ચોક્કસ આપને જાણ કરીશ અત્યારે હજુ આવી કોઈ વાત ધ્યાને નથી.



અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સાથે જાહેર સભા માટે અરવલ્લી જિલ્લાના પ્રવાસે ૩૦ જૂને આવી રહ્યા હોવાથી મોડાસા તાલુકાના લીંભોઈ ગામની ૮૦ એકર જમીન પર પસંદગી ઉતારી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા છેલ્લા પાંચ દિવસથી દિવસ-રાત ૩ હિટાચી મશીનો અને ૧૦થી વધુ જેસીબી મશીનો અને ટ્રક એફ-ડમ્ફર અને મોટી સંખ્યામાં મજદૂરો દ્વારા દિવસ-રાત જિલ્લાના અધિકારીઓની દેખરેખ અને સતત અવરજવર વચ્ચે તડામાર તૈયારીઓ આરંભી દીધી હતી અને જિલ્લા વહિવટીતંત્ર દ્વારા લીંભોઈ ગામની વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકાર્પણ, ખાતમુહૂર્ત અને જાહેર સભાને સંબોધવાની વિધિવત જાહેરાત કરી દીધી હતી ત્યારે અચાનક સોમવારે જિલ્લામાં અને વહીવટીતંત્રમાં ચર્ચાની ચર્ચા મુજબ લીંભોઈ ગામનું સભાસ્થળ બદલવાની સૂચના મળી હોવાની ચર્ચાથી ચકચાર મચી હતી. અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાની અન્ય જગ્યા વડાપ્રધાન માટે શોધખોળ આદરી દેવામાં આવી છે અને તંત્રમાં દોડધામ મચી છે. અધિકારીઓ હાફળા-હાફળા બની નવા સ્થળની શોધમાં દોડધામ કરી રહ્યા હતા તંત્ર કે અધિકારીઓ સ્થળ બદલવા અંગે કોઈ જ જવાબ આપવા તૈયાર નથી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો લીંભોઈ ગામ સાથે પુરાનો નાતો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે આરએસએસના પ્રચારક તરીકે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાની પ્રચારક તરીકે ફરજ નીભાવતા હતા ત્યારે લીંભોઈ ગામના મોહનભાઈ પટેલ અને લીંભોઈ કંપાના પૂર્વ ધારાસભ્ય અરજણભાઈ પટેલના ત્યાં દિવસ દરમ્યાન ગામડાઓમાં સંઘનો પ્રચાર કરી અવારનવાર રાત્રી રોકાણ આ બંનેના ત્યાં કરતા હતા. લીંભોઈ ગામ જોડે વર્ષો જુનો નાતો હોવાના કારણે વડાપ્રધાનની સભા લીંભોઈમાં હોવાથી આ વિસ્તારના લોકોમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. પરંતુ એકાએક સભાની જગ્યા બદલવાની વાયુ વેગ વાત આવતા લોકોમાં શોકનો માહોલ સર્જાયો હતો.

# કાંકરેજ તાલુકા પંચાયતમાં શૌચાલયની કામગીરીમાં ગેરરીતીની તપાસ યોજવા માંગ

કાંકરેજ, તા. ૧૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકા પંચાયતમાં સ્વચ્છ ભારત મિશન યોજનામાં શૌચાલય બનાવવામાં ગેરરીતી થવાની બુમ-રાડો ઉઠવા પામી હતી. જે બાબતે શિહોરીના અરજદાર ભટેસરીયા બલુભા મધુજીએ મુખ્યમંત્રીને આ બાબતે લેખિત અરજી કરી જાણ કરેલ અને ગાંધીનગરથી મદદનીશ કમિશનર ગ્રામ વિકાસ ગુજરાત રાજ્ય દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી બનાસકાંઠાને ૬-૪-૧૭ના રોજ તપાસ કરવા માટે આદેશ કરાયો હતો. પરંતુ આજ દિન સુધી આ બાબતે શૌચાલયમાં થયેલ ગેરરીતી અને કોઈપણ જાતની તપાસ ન કરાતા અનેક તર્ક-વિતર્ક ઉઠવા પામ્યા છે.



બનાસકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તપાસ નથી કરતી તેના પાછળનું કારણ શુ ? લોકમુખે ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી અનો કર્મચારીઓ સહિત કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી કરોડો રૂપિયા ચાઉં કરી શૌચાલયને પાણીની સિન્ટેક્ષ ટાંકીની જગ્યાએ સિમેન્ટની ટાંકી, હલકી ટાઈલ્સ, હલકા દરવાજા અને ફક્ત ૩ કે ૨ાા ફૂટ ઊંડા કૂવા જ્યારે અમુક જગ્યાએ તો બિલકુલ શૌચાલય બનાવ્યા જ નથી અને બારોબાર રૂપિયા ચાઉ થઈ ગયા છે. આટલુ મોટુ કૌભાંડ હોવા છતાં તંત્ર દ્વારા તપાસ ન કરાતા સમગ્ર કાંકરેજ તાલુકામાં તંત્ર સામે ફિટકારની લાગણી જોવા મળી રહી છે. જો કે કમિશનર ગ્રામ વિકાસ ગાંધીનગરના આદેશને ઘોળીને પી જનાર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી બનાસકાંઠાના અધિકારીઓ પોપાબાઈનુ રાજ ચલાવતા હોય તેવુ સ્પષ્ટ દેખાય છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર બનાસકાંઠા યુદ્ધના ધોરણે તપાસ કરી કૌભાંડીઓ સામે પગલાં ભરે તેવી અરજદાર અને લાભાર્થીઓની માંગ ઉઠવા પામી છે.

## ઉનાવા ખાતે સોમવારે સર્વરોગ નિશુલ્ક નિદાન સારવાર કેમ્પ યોજાશે

મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકા ઉનાવા ખાતે તા. ૨૬-૬-૨૦૧૭ને સોમવારના રોજ શારદાબા ચેરીટેબલ ટ્રસ્ટ ઉનાવા દ્વારા સર્વરોગ નિશુલ્ક નિદાન કેમ્પનું આયોજન નંદબા બ્રહ્મ સમાજની વાડી ખાતે સવારે ૯ કલાકથી કરાયું છે. સ્વ. શ્રીમતી શારદાબહેન રામશંકર રાવલની આઠમી પુણ્યતિથિએ તાલુકા આરોગ્ય કચેરી ઉંઝા અને અંબાલાલ ઉમિયાશંકર રાવલ પરિવારના સંયુક્ત ઉપક્રમે કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંછે. આ સર્વરોગ નિદાન કેમ્પમાં ફિઝીશીયન, સ્ત્રીરોગ નિષ્ણાત, બાળરોગ નિષ્ણાત, નેત્રરોગ નિષ્ણાત સહિત નિષ્ણાત ડોકટરો દ્વારા તપાસ કરવામાં આવનાર છે. કેમ્પમાં ડો. પી.કે. રાવલ, ડો. ઈશના શાહ, ડો. કલગી શાહ, ડો. શુક્લાબહેન રાવલ, ડો. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેનાર છે. કેમ્પમાં બી.પી તથા ડાયાબીટીસના દર્દીઓને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે. આ કેમ્પનો લાભ લેવા માટે શ્રી શારદાબહેન રાવલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી વર્ષાબહેન રાવલ તરફથી જરૂરીયાતમંદ દર્દીઓને આમંત્રણ પાઠવેલ છે.

# કાંકરેજ તાલુકાના રૂવેલ ગામે ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાઈ

કાંકરેજ, તા. ૧૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના રૂવેલ ગ્રામ પંચાયતની ચૂંટણી ૨૦૧૭માં સ્ત્રી સીટ હોવાથી પાંચ ઉમેદવારો મેદાને ઉતર્યા હતા. જેનું મતદાન તા. ૧૮-૬-૨૦૧૭ના રોજ થયુ. મુખ્ય ચૂંટણી અધિકારી એ.એન. મકવાણા, બે ઝોનલ અધિકારી, ત્રણ પ્રેસાઈડીંગ, છ પોલિંગ અને ત્રણ મહિલા મતદાન અધિકારીની રાહબરી હેઠળ સવારે ૮ વાગ્યાથી મતદાન શરૂ થયુ હતુ. જેમાં ઉમેદવારો અનિતાબેન વાઘજી રોળીયા, કપિલાબેન વસંતલાલ ઠક્કર, જમનાબેન શેખજી મકવાણા, જયશ્રીકુંવર રીડમલસિંહ રાજપુરોહિત, સોનુબેન સદાજી રોળીયાએ પોતાના મતદારો સાથે પૂર્ણ વિશ્વાસ મુકી મતદાન કરવા વિનંતી કરી હતી. જો કે મતદાન મથક ઉપર બુથરૂમની બારીઓ બંધ હોવાના કારણે મતદારોને થોડીક અગવડતા પડતી હતી. ત્યારે રીડમલસિંહે થરા પીએસઆઈ અમરસિંહ પરમારને રિકવેસ્ટ કરતા રૂમની બારીઓ ખોલવામાં આવી હતી. જો કે અગાઉ રાજકિય કાવાદાવા વચ્ચે ગેમ રમીનો ઉમેદવારોના નિશાનોમાં ફેરફાર કર્યો હોવાથી આ વખતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને મામલતદારની નિગરાની નીચે મતદારોએ મતદાન શાંતિપૂર્વક કર્યુ હતુ. રૂવેલ ગ્રા.પં.માં ૨૭૦૦ જેટલા મતદારો છે. જ્યાં ઠાકોરોનું વધારે પ્રભુત્વ છે. સાથે બ્રાહ્મણોનું પણ છે. ત્યારે જોવું એ રહ્યું કે દર વખતે યેનકેન પ્રકારે ચૂંટણી કેવી રીતે જીતવી તેવું મનોબળ ધરાવનાર લોકો સામે કેવી રીતે જીત પાકી કરે છે તેતો આવનાર સમય બતાવશે. જો કે બપોર સુધી ૭૪ ટકા મતદાન થવા પામ્યુ હતુ. અને સાંજ સુધી અંદાજે ૮૦થી ૮૨ ટકા મતદાન થાય તેવુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ. આમ રૂવેલ ગ્રા.પં.ની પેટાચૂંટણીમાં શાંતિપૂર્વક મતદાન થતા સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો.



# મહેસાણામાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૧૯

પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની ઈશ્વરીય સેવાઓના ૮૦ વર્ષના ઉપલક્ષમાં તૃતિય વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિશ્વ શાંતિની સેવામાં પોતાનું જીવન સંસ્થામાં સમર્પિત કરનાર ૮૦ જેટલા પવિત્ર બ્રહ્માકુમારી બેહનોએ મંચ પર બેસી વિશ્વશાંતિનું દાન કર્યું હતું. શારીરિક યોગથી તનનું સ્વાસ્થય પ્રાપ્ત થાય પરંતુ મનના સ્વાસ્થય માટે રાજયોગનો અભ્યાસ કરવો પડે તેમ જણાવી બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

યોગ દિવસની ઉજવણીમાં વિવિધ વક્તાઓ દ્વાર જણાવાયું હતું કે યોગી પોતાના આત્મભાવમાં સ્થિર થઈ કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા વિગેરે વિકારોથી દુર રહે છે. યોગી પોતાના સર્વ કાર્યો કરતાં પણ શાંત, ચિત્ત, પ્રસન્ન અને આનંદિત જીવન જીવી શકે છે. રાજયોગની સહજ અનુભુતિની શરૂઆત કરાવતાં હાજર સમુદાને ત્રણ વાર ઓમનો ધ્વની અભ્યાસ કરાવ્યો હતો.

આ યોગ દિવસની ઉજવણીમાં એલ.જે. પરમાર, વનસંરક્ષક, રાજયોગીની બ્રહમાકુમારી સરલાબહેન સહિત મહંતો, વિવિધ સંપ્રદાયના ગુરૂઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ખેડબ્રહ્મા ખાતે મેલેરિયા માસની ઉજવણી નિમિત્તે બાઈક રેલી

ખેડબ્રહ્મા ખાતે ડૉ. એમ.જે. ફેન્સી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, સાબરકાંઠાના હસ્તે લીલી ઝંડી આપીને બાઈકરેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું. જેમાં જિલ્લાકક્ષાના ક્યુએમઓ ડૉ. એચ.આર. નાયક તથા ડીએમઓ બી.એન. રાઠોડ તથા ટીએચઓ ડૉ. આર.ડી. ગોસ્વામી તેમજ જનરલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડૉ. અશ્વિન ગઢવી અને તાલુકા હેલ્થ ઓફિસનો તમામ સ્ટાફે રેલીમાં જોડાઈ આ રેલીને સફળ બનાવેલ હતી. રેલી શહેરના મુખ્ય માર્ગેથી પસાર થઈ 'મેલેરીયા મુક્ત ગુજરાત ૨૦૨૨'નો સંદેશો લોકો સુધી પહોંચાડેલ. કાર્યક્રમનું સફળ સંચાલન તાલુકા આઈઈસી અધિકારી એસ.એસ. ગોસ્વામી તથા તાલુકા હેલ્થ સુપરવાઈઝર એ.ડી. પંડ્યાએ કરેલ હતું.

# ખેડબ્રહ્મા પાલિકાના તમામ કર્મચારીઓની ત્રણ દિવસની હડતાલ

## આવશ્યક સેવાઓ જેવી કે વીજળી-પાણી અને સફાઈ ખોરવાઈ જતા લોકોને હાડમારી

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા નગરપાલિકાના આવશ્યક સેવાઓ સહીતની સેવાઓના ૮૧ કર્મચારીઓ ત્રણ દિવસની હડતાલ ઉપર જવાના હોઈ આ ત્રણ આવશ્યક સેવાઓ ખોરવાઈ જશે જેથી શહેરીજનોને હાડમારી ભોગવવાનો વારો આવશે.

ગુજરાત રાજ્યની નગર પાલિકાઓના વિવિધ પ્રશ્નો બાબતે ગુજરાત સરકાર સામે ગુજરાત રાજ્ય નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા ચાલતા આંદોલનના ભાગ સ્વરૂપે તારીખ ૨૧ જૂનથી ૨૩ જૂન સુધીના ત્રણ દિવસ ગુજરાત રાજ્યની ૧૬૨ નગરપાલિકાઓ સાથે ખેડબ્રહ્મા નગરપાલિકાના કાયમી અને રોજમદાર સહીતના ૮૧ કર્મચારીઓ હડતાલ ઉપર જવાના છે. જેથી આવશ્યક સેવાઓ જેવી કે પાણી-વીજળી તથા સફાઈ ખોરવાઈ જશે. ત્રણ દિવસ સુધી શહેરની સફાઈ થશે નહી અને લોકોને પીવાનું પાણી પણ મળશે નહી જેથી શહેરીજનોને હાડમારી ભોગવવાનો વારો આવશે.

આ અંગે ખેડબ્રહ્મા નગરપાલિકાના ચીફ ઓફીસર સાવીત્રીબેન સોનીએ જણાવ્યુ છે કે સરકાર સાથે કર્મચારી મહામંડળની વાટાઘાટો ચાલુ છે.

# કાંકરેજ તાલુકાની ઉંબરી ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૯ ના સભ્યને સસ્પેન્ડ કરાતા હડકંપ

કાંકરેજ, તા. ૧૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ઉંબરી ગ્રામ પંચાયતમાં ૨૦૧૭ની ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં વોર્ડ નં. ૯માં કિતુભા બેચરસીંગ વાઘેલા અને ઝેણુભા લાલજી વાઘેલાએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ઝેણુભા લાલજી વિજયી થતા તેમના હરિફ કિતુભા બેચરસીંગે દાદ માંગી હતી. જેમાં અરજી કરી અને આરટીઆઈ કરી તમામ માહિતી એકઠી કરી કલેક્ટર, ડીડીઓ અને તાલુકા વિકાસ અધિકારી પાસે ન્યાયની માંગણી કરેલ. જેમાં કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી પાસે ન્યાયની માંગણી કરેલ જેમાં કાંકરેજ તાલુકા વિભાગ અધિકારી દ્વારા તમામ હકિકત ધ્યાને લઈ રજુ કરેલ પુરાવા મેળવી જેમાં વાઘેલા હિરલબા ઝેણુભાની બે અલગ અલગ જન્મ તારીખ મળી આવતા તલાટીકમ મંત્રી શિહોરી તથા આચાર્ય ઉંબરી પ્રા. શાળા પાસેથી તમામ હકિકત મેળવ્યા બાદ અને રેશનકાર્ડમાં કુલ-૩ બાળકો જણાતા સરકારના નિયમો અનુસાર કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી એચ.એસ. હરાણીએ વાઘેલા ઝેણુભા લાલજીને સભ્ય પદેથી પંચાયત ધારાની કલમ ૩૦(૧)(ત) મુજબ રેકર્ડ આધારિત ગેર લાયકાત વ્હોરતા હોઈ પંચાયત ધારાની કલમ ૩૧(૨) મુજબ મળેલ સત્તાની રૂએ વોર્ડ નં. ૯ ના સભ્યને હોદ્દાની બેઠક ખાલી કરવા આદેશ કર્યો છે. જે બાબતે સરપંચ ઉંબરી ગ્રા.પં. તથા ત.ક. મંત્રી ઉંબરી તેમજ અરજદાર સહિત વોર્ડ નં. ૯ના સસ્પેન્ડ થયેલ સભ્યને નોટીસો આપતા કાંકરેજ તાલુકામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જો કે ખોટા દાખલા આપનાર અધિકારીઓની પણ સિધી સંડોવણી હોવાનુ સસ્પેન્ડ સભ્ય વાઘેલા ઝેણુભા લાલજીએ જણાવ્યુ છે. જો કે આ મામલો કદાચ હાઈકોર્ટ સુધી પહોંચે તેમાં બેમત નથી.



## મોડાસા શહેરની દિવાલો પર કલાકૃતિઓ કંડારવા ચિત્ર શિક્ષક અને વિદ્યાર્થીઓએ ચિત્રાંકન શરૂ કર્યું

અરવલ્લી જલ્લાના પાણી પુરવઠાની યોજનાઓ અને મોડાસાના નવ નિર્માણ પામી રહેલા અત્યાધુનીક બસસ્ટેન્ડના ભૂમિપૂજન માટે જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જુને આવી રહ્યા છે. ત્યારે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની દિવાલો પર શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ભારતના ભવ્ય વારસાની કલાકૃતિઓ અને લોક જાગૃતી અંગેનો સંદેશો આપતા ચિત્રો દ્વારા શહેરની દિવાલો પર ચિત્રકામ શરૂ કરાયુ હતુ. અરવલ્લી જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જુને મુલાકાતે આવી રહ્યા છે ત્યારે જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા કલેક્ટર અને નગરપાલિકાના પ્રમુખના સંયુક્ત ઉપક્રમે મોડાસા શહેરની ખાલી પડેલી દિવાલો પર જિલ્લાની ધરોહર એવી જુની કલાકૃતિઓને દિવાલ પર ચિત્રાંકન કરી જીવીત કરવાના પ્રયાસો કરાઈ રહ્યા છે. આ ચિત્રાંકન માટે જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ અને પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો અને કોલેજમાં અભ્યાસ કરતા ૮૦ જેટલા વિદ્યાર્થીઓની નવ ટીમો પાડી મોડાસા શહેરની ખુલ્લી દિવાલો પર ચિત્રાંકન શરૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં જિલ્લાની પ્રાચીન ધરોહર કલાકૃતીઓ જેવી કે શામળાજી મંદિર, આદિવાસી લોક સંસ્કૃતિ, લોક શિક્ષણ, કન્યા શિક્ષણ, જળ એજ જીવન, બેટી બચાવો બેટી પઢાવો જેવા અનેક ચિત્રો દિવાલ પર કંડારવાની તૈયારીઓ હાથ ધરી ચિત્રો કંડારાઈ રહેતા મોડાસા શહેરની દિવાલો રંગીન બની જશે.